HANUMAN CHALIASA

# SHIV MALA LYRICS IN GUJARATI | શિવ માળા

HANUMAN CHALIASA

HANUMAN CHALIASA

1. **મંગલકારી શિવનું નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય**
2. સાચું સુખ દેનારૂ નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
3. વાંછિત ફળ દેનારૂ નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
4. ઋષિ, મુનિ, જપતા નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
5. **બ્રહા, વિષ્ણુ ઉચ્ચારે નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય**
6. પાર્વતીના પ્યારા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
7. નંદી, ગણેશ જપતાં એ જાપ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
8. નારદ, શારદ ગાતાં ગાન નમઃ શિવાય ૐ નમઃ શિવાય
9. તેત્રીસ કરોડ દેવ જપતાં જપ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
10. **ગાંધર્વ, કિન્નર, ગાતાં ગાન નમઃ શિવાય ૐ નમઃ શિવાય**
11. સાધુ-સંતો ના પ્યારા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
12. ધૂન મચાવો આઠે જામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
13. વિશ્વ સકળના તારણહાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય
14. કૈલાસમાં ગુંજે એક નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
15. **અણુ અણુમાં ભોલેનો વાસ નમઃ શિવાય ૐ નમઃ શિવાય**
16. શ્વાસે શ્વાસે . જપજો જાપ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
17. અંત સમય આપે છે કામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
18. જ્યોતી સ્વરૂપે પ્રગટ્યા નાથ, નમઃ શિવાય ૐ નમઃ શિવાય
19. કલ્યાણકારી એક જ નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
20. **અમરનાથનું અમર છે નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય**
21. ભક્તો દર્શન કરવા જાય નમઃ શિવાય ૐ નમઃ શિવાય
22. ચંદ્રની ભક્તિ સ્વીકારે નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
23. સોમનાથ કહેવાય નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
24. દર્શન કરતા પાપ ધોવાય નમઃ શિવાય ૐ નમઃ શિવાય

25. **કાર્તિકેયના પ્યારા તાત. નમ: શિવાય ૐ નમ: શિવાય**
26. મલ્લિકાર્જુનથી પ્રગટ્યા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય
27. પૂનમ અમાસના દર્શન થાય. નમ: શિવાય ૐ નમ: શિવાય
28. બ્રાહ્મણની ભક્તિ સ્વીકારે નમ: શિવાય ૐ નમ: શિવાય
29. અવન્તિકામાં બિરાજ્યા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય
30. **“મહાકાલ” થી પ્રગટ્યા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય**
31. બાર વરસે અમૃત ઉભરાય. નમ: શિવાય ૐ નમ: શિવાય
32. કુંભ મેળાનું તિરથધામ’ નમ: શિવાય ૐ નમ: શિવાય
33. ભક્તિ મુક્તિ દેનારૂ નામ નમ: શિવાય ૐ નમ: શિવાય
34. મધ્યમાં છે કાર નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય
35. **મમલેશ્વરનું પામ્યા નામ નમ: શિવાય ૐ નમ: શિવાય**
36. વિન્ધ્યાચલ ના તારણહાર નમ: શિવાય ૐ નમ: શિવાય
37. પરલી ગામે બિરાજ્યા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય
38. “વેજનાથ” નો મહિમા અપાર નમ: શિવાય ૐ નમ: શિવાય
39. દર્શન કરતાં દુખડાં જાય નમ: શિવાય ૐ નમ: શિવાય
40. **ડાકિન વનમાં વસીયા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય**
41. ભીમ રાક્ષસને હણતાં નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય
42. ભીમા શંકર પાન્યા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય
43. અમર રાખ્યું ત્યાં ભીમનું નામ નમ: શિવાય ૐ નમ: શિવાય
44. સેતુ બંધ દક્ષિણમાં ધામ નમ: શિવાય ૐ નમ: શિવાય
45. **રામની ભક્તિ સ્વીકારે નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય**
46. રામેશ્વર નામે પ્રગટ્યા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય
47. વિજયના આપ્યા આશીર્વાદ નમ: શિવાય ૐ નમ: શિવાય
48. દારુક વનમાં બિરાજે નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય
49. નાગેશ્વરનું પામ્યા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય
50. **અસુરોના સંહારક નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય**
51. દીન:દુખીયાઓના તારણહાર નમ: શિવાય ૐ નમ: શિવાય
52. કાશીનગરી અમર છે ધામ નમ: શિવાય ૐ નમ: શિવાય
53. વિશ્વેશ્વરનો મહિમા અપાર નમ: શિવાય ૐ નમ: શિવાય
54. દર્શન કરતા પાપ ધોવાય નમ: શિવાય ૐ નમ: શિવાય
55. **અમરવાનું આપે વરદાન નમ: શિવાય ૐ નમ: શિવાય**
56. ગૌતમી તટે વિરાજ્યા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય
57. ત્રયંબકેશ્વરથી પ્રગટ્યા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય
58. દર્શન કરતાં પાવન થવાય નમ: શિવાય ૐ નમ: શિવાય
59. હિમાલય છે શિવનું ધામ નમ: શિવાય ૐ નમ: શિવાય
60. **કેદારનાથે પ્રગટ્યા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય**
61. કેદારનાથનો મહિમા અપાર નમ: શિવાય ૐ નમ: શિવાય
62. હરિદ્વાર હરીહરનું ધામ નમ: શિવાય ૐ નમ: શિવાય
63. ઋષિકેશ નો મહિમા અપાર નમ: શિવાય ૐ નમ: શિવાય
64. ધુશ્માની ભક્તિ સ્વીકારે નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય

65. **સજીવન કર્યો ત્યાં બ્રહ્મકુમાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય**

66. ધુશ્મેશ્વર થી પ્રગટ્યા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

67. અમર કર્યું ધુશ્માનું નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

68. જ્યોતિલીંગનો મહિમા અપાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય

69. જન્મમરણ હણનારૂ નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

70. **ગિરનારની ભક્તિ સ્વીકારે નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય**

71. ભાવના પાપ હરે ભવનાથ, નમઃ શિવાય ૐ નમઃ શિવાય

72. દર્શન કરતી પાવળ થવાય નમઃ શિવાય ૐ નમઃ શિવાય

73. કુબેરેશ્વરનો મહિમા અપાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય

74. કુબેર ભંડારી આપ્યું નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

75. **કળીયુગના સાચા આધાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય**

76. અષ્ટ સિધ્ધિ દેનારૂ નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

77. જ્ઞાન ભક્તિના છે. ભંડાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય

78. શિવ ભજતા આપે વૈરાગ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

79. ચાર પદારથ આપે નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

80. **અડસઠ તિરથનું પુન્ય દેનાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય**

81. ચાર વેદનો એક જ સાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય

82. તેત્રીસકરોડ જપતાં જે જપ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

83. શિવપદ આપે ભોલેનાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

84. કામક્રોધ હણનારૂ નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

85. **માયા-મોહને દૂર કરનાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય**

86. શિવરાત્રિએ જપજો જાપ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

87. જનમ-જનમના બાળે પાપ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

88. શ્રાવણ માસમાં કરતા જાપ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

89. શિવ-ચરણોમાં પામ વાસ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

90. **ઈક્કોતેર પેઢી તારે નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય**

91. નિર્ધનને ધન આપે નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

92. પુત્રહીનને પુત્ર દેનાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય

93. ગ્રહની પીડા દૂર કરનાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય

94. દુઃખ દરિદ્ર દૂર કરનાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય

95. **મહારોગોનો એકજ ઈલાજ નમઃ શિવાય ૐ નમઃ શિવાય**

96. સુખ શાંતિ આપે એક નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

97. અકાળ-મૃત્યુ ટાળે નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

98. શિવ શરણું આપે એક નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

99. તેમા કાયરનું નહી કામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

100. **ભજી લ્યોને છોડી સૌ કામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય**

101. બતાવ્યું ગુરૂએ સાચુ જ્ઞાન નમઃ શિવાય ૐ નમઃ શિવાય

102. શ્વાસે શ્વાસે જપ જાપ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

103. સંકટમાં આપે આરામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

104. શ્રદ્ધાથી જપજો એક નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

105. **અરજી સાંભળ જો ભોલેનાથ નમઃ શિવાય ૐ નમઃ**
106. શિવાયભક્તિ અનન્ય આપજે નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
107. "વિશ્વનાથ" જપતા એક જાપ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
108. ૐ જડેશ્વરદાદાના જપતા જાપ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

**બોલ શ્રી શિવશંકરકી જય**
**ઉમાપતિ મહાદેવકી જય**
**શ્રી રામચંદ્ર ભગવાનકી જય**
**શ્રી ગજાનન ગણપતિની જય**
**શ્રી પવનસુત હનુમાન કી જય**
**બોલો રે સબ સંતનકી જય,**
**શ્રી કાળ ભૈરવનાથકી જય**
**ૐ જડેશ્વરદાદા કી જય છે**
**નમઃ પાર્વતી પતયે હરહર મહાદેવ હર..**

HANUMAN CHALIASA